

# રામભક્ત



वर्ष : २०, - अंक संख्या : २ - सलंग अंक : २१५
वि.सं. : २०८१ माघ - दिनांक : १०-०२-२०२५

# મહા શિવરાત્રિ



શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ (રાજ્ય મંડળ)
સ્થાપના : તા.૭-૧-૧૯૭૯ ટ્રસ્ટ રજી.નં.એફ.૧૯૧ ભાવનગર
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય - સાવરકુંડલા - ૩૬૪૫૧૫
E-mail : rambhakt.svkd@gmail.com • http://www.rambhaktsvkd.org

## શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરુકુળ કન્યા છાત્રાલય સાવરકુંડલા ધાર્મિક યાત્રા પ્રવાસ

# મકરસંક્રાંતિ પર્વ

મકરસંક્રાંતિ એટલે સુર્યનો મકર રાશિમાં પ્રવેશ. ભારતીય સંસ્કૃતિમાં આ પર્વની ખુબ જ મહતા છે. આજનો દિવસ પૂણ્ય કરવાનો દિવસ સાધુઓને દાન-ભેટ આપી દાનવીરો પુણ્ય મેળવે છે. આપણા શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરુકુળ સાવરકુંલા બાંધકામના દાતા કોવાયા નિવાસી શ્રી મીઠાભાઈ સાર્દુલભાઈ લાખણોત્રા છેલ્લા ઘણા સમયની આ પર્વ ઉપર આપણી સંસ્થાની બાળાઓને તેડાવી તેમના ઘરે શ્રી જગદંબા સ્વરૂપ બાળાઓનું સ્વાગત કરે છે. બાદ વારાહ સ્વરૂપ મંદિરે દર્શન માટે લઈ જાય છે, ભાવતુ ભોજન કરાવી વસ્ત્ર દાન આપે છે.

તા.૧૪, ના રોજ સવારના ૮ વાગ્યે સ્પેશિયલ બસ દ્વારા સાવરકુંડલાથી જવા રવાના થયા. છાત્રાબાળાઓ સાથે સ્ટાફ અને સંસ્થાના ટ્રસ્ટીશ્રી ઘનશ્યામબાપુ (રાઘવ), પ્રમુખશ્રી અરૂણભાઈ, પૂર્વ પ્રમુખશ્રી અશ્વિનભાઈ રામાનુજ સાહેબ જોડાયા. ૧૦:૦૦ કલાકે કોવાયા પહોંચ્યા, મહંત શ્રી સુરેશબાપુ અગ્રાવતના ઘરે ફ્રેશ થઈ ચા-પાણી પીધા. સુરેશભાઈ, જગદીશભાઈ તથા હરિભાઈ ત્રણેય ભાઈઓ તરફથી છાત્રાબાળાઓ તેમજ સ્ટાફને કચોરીનો નાસ્તો કરાવ્યો ત્યારબાદ વારાહ સ્વરૂપ ભગવાનના દર્શન માટે વારાહ સ્વરૂપ ગયા. ત્યાં દર્શન કરી સૌ બહેનો દરિયાદેવના દર્શને ગયા. સૌ બાળાઓ ખૂબ જ ખૂશ થયા. બાદ વારાહ સ્વરૂપ પરત ફર્યા. ત્યાં સમૂહમાં ત્રણ વાર હનુમાન ચાલીસાનો પાઠ કરવામાં આવ્યો. સંસ્થાના ચેરમેન શ્રી અમરદાસબાપુએ મકરસંક્રાંતિ નાં  મહત્વ વિશે જણાવ્યું તથા ઘનશ્યામબાપુએ પ્રવચન આપ્યું. બાદ સંસ્થાના ટ્રસ્ટીઓ અને સ્ટાફને ગરમ શાલ ઓઢાડી દક્ષિણા આપવામાં આવી. ત્યારબાદ આમંત્રિત મહેમાનો તથા છાત્રાબાળાઓને ભોજન કરાવી મીઠાભાઈ તરફથી દરેકને ગરમ શાલ તેમજ રૂા.૧૦૧ રોકડ દક્ષિણા આપી. ત્યારબાદ ૩:૦૦ કલાકે છાત્રાબાળાઓ તેમજ ટ્રસ્ટીઓ મીઠાભાઈના ઘરે ગયા. ત્યાં સમૂહ હનુમાન ચાલીસાનો પાઠ કરી ચા-પાણી પી ૪:૦૦ કલાકે વિદાઈ લીધી. ૫:૩૦ કલાકે સાવરકુંડલા સૌ સુખરૂપી પહોંચી ગયા.











રૂા.૨૧૦૦/- પ.નં. ૭૩૮૧ મીઠાભાઈ લાખણોત્રા તરફથી મળેલ છે.

## જગદ્‌ગુરૂશ્રી ૧૦૦૮ શ્રી રામનરેશાચાર્યજી મહારાજનો ૬૮ મો જન્મદિન ઉત્સવ અને બ્રહ્મલીન સદ્‌ગુરૂદેવ શ્રી દયારામબાપા ગુરૂશ્રી બજરંગદાસબાપા જન્મજયંતી ઉત્સવ

**મહા સુદ - ૫ (વસંત પંચમી) તા.૦૩/૦૨/૨૦૨૫, સોમવાર**



બ્રહ્મલીન સદ્‌ગુરૂદેવ
શ્રી દયારામબાપા
ગુરૂશ્રી બજરંગદાસબાપા

શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરુકુળ કન્યાછાત્રાલય સાવરકુંડલાના પ્રણેતા શ્રી બજરંગદાસબાપાના કૃપા પાત્ર શિષ્ય બ્રહ્મલીન પુજ્યશ્રી દયારામબાપાની જન્મ જયંતિ મહા સુદ-૫ (પાંચમ) વસંત પંચમી તા.૦૩/૦૨/૨૦૨૫ સાથે આજનો દિવસ આપણા સંપ્રદાયના કાશી પીઠના વર્તમાન આચાર્ય જગદ્‌ગુરૂશ્રી રામનરેશાચાર્યજી મહારાજનો ૬૮ મો જન્મદિન હોય છાત્રાલયમાં ખૂબ જ હર્ષભેર ઉજવવામાં આવ્યો. સવારના ગુરૂ પાદુકા પૂજન-ધૂપ-દિપ આરતી બાદ સંકિર્તન બાદ બપોરના મિષ્ટભોજનનો થાળ ધરી સૌ છાત્રાબાળાઓને જમાડવામાં આવ્યા. દિવસભર વસંત પંચમીનો ઉત્સવ સૌએ માણ્યો.



જગદ્‌ગુરૂશ્રી ૧૦૦૮
શ્રી રામનરેશાચાર્યજી મહારાજ
પંચ ગંગાઘાટ શ્રીમઠ કાશી

## અમૃત મહોત્સવ ૭૬માં જન્મ દિને છાત્રાબાળાઓને મિષ્ટભોજન શ્રીમતિ સરસ્વતીબેન પ્રફુલ્લભાઈ રામાવત (બોપલ અમદાવાદ)

**૨૬મી ડિસેમ્બર-૨૦૨૪**



શ્રીમતિ સરસ્વતીબેન પી.રામાવત

આપણા રાજ્યમંડળના ટ્રસ્ટીશ્રી પ્રફુલ્લભાઈ ધરમદાસજી રામાવતના ધર્મપત્ની શ્રીમતિ સરસ્વતીબેન નો ૭૬માં જન્મદિવસ અમૃત મહોત્સવ પ્રસંગે તા.૨૬ ડિસેમ્બરના રોજ છાત્રાબાળાઓને મિષ્ટભોજનમાં બદામ શેક, પુરી, દાળ-ભાત,શાક, સંભારો, પાપડ વિગેરે તૈયાર કરી ભગવાનને અને બાપાને થાળ ધરી છાત્રાબાળાઓ સમુહમાં હનુમાન ચાલીસાના પાઠ કરી સરસ્વતીબેન હેપ્પી બર્થડે કહી સૌએ પ્રસાદ લીધો. પ્રફુલ્લભાઈ તરફથી જન્મદિન ઉત્સવ છાત્રાલયમાં કાયમી ૨૬ ડિસેમ્બર પ્રતિવર્ષ ઉજવાય તે માટે સંસ્થાના દયાવિધી કાયમી નિભાવ ફંડમાં રૂા.૧૫,૧૧૧/-નું તિથીદાન આપેલ છે. "આભાર" આજના ભોજનના રૂા.૫૧૦૦/-પ.નં. .............. થી જમા મળેલ છે.

## શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરુકુળ કન્યા છાત્રાલય સાવરકુંડલાને સ્વ.પ્રવિણભાઈ નાજાભાઈ સિંઘવની પ્રથમ પુણ્યતિથીએ છાત્રાબાળાઓને મિષ્ટભોજન રૂા.૫,૧૦૦/-નું દાન



સ્વ.પ્રવિણભાઈ નાજાભાઈ
સિંઘવ
સ્વ.તા.૨૩/૦૧/૨૦૨૪

આપણા શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરુકુળના પડોશી સ્વ.પ્રવિણભાઈ નાજાભાઈ સિંઘવની પ્રથમ પૂણ્યતિથી સં. ૨૦૮૧ના પોષ વદ-૯ ગુરૂવાર તા. ૨૩/૦૧/૨૦૨૫ના રોજ હોય છાત્રાબાળાઓને યાદ કરી મિષ્ટભોજનમાં મોહનથાળ, ટોપરાપાક, સેવ-ગાંઠીયા, રોટલી, દાળ-ભાત, સંભારો વગેરે તૈયાર કરી પ્રવિણભાઈના ઘરેથી બહેન અને તેમના દિકરા દ્વારા ભગવાનને અને બાપાને થાળ ધરી છાત્રાબાળાઓને જમાડવામાં આવ્યા. દાતાશ્રી તરફથી ભોજન ખર્ચના રૂા.૫,૧૦૦/-પ.નં.૭૩૯૦ થી જમા મળેલ છે.

પ્રેરણા : લાલભાઈ ગેલાભાઈ સિંઘવ, સાવરકુંડલા

## શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરુકુળ કન્યા છાત્રાલય સાવરકુંડલાને મનોહરદાસ દામોદરદાસ નિમાવતના ૮૯માં જન્મદિન નિમીતે મિષ્ટભોજન રૂા.૫,૦૦૦/-નું દાન - માંડણપરા-જુનાગઢ



શ્રી મનોહરદાસ દામોદરદાસ
નિમાવત

મુળ માંડણપરા નિવાસી હાલ જુનાગઢ સ્થિત શ્રી રમેશભાઈ મનોહરદાસ નિમાવતના પિતાશ્રી મનોહરદાસબાપુ નિમાવત નિવૃત શિક્ષકનો ૮૯ મો જન્મદિન તા.૨૩/૦૧/૨૦૨૫ના રોજ શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરુકુળ કન્યા છાત્રાલય સાવરકુંડલાને છાત્રાબાળાઓને યાદ કરી સાંજની પ્રાર્થના સમયે મનોહરદાદાને યાદ કરી સમુહમાં હનુમાન ચાલીસાના પાઠ કરી હેપ્પી બર્થડે કરી રાત્રીના ભોજનમાં મિઠાઈમાં ગુલાબજાંબુ અને સાથે છાત્રાબાળાઓને મનપસંદ પાંવભાજીનું ભોજન કરાવવામાં આવ્યું. દાતાશ્રી તરફથી ભોજન ખર્ચ રૂા.૫,૦૦૦/-પ.નં. ૭૪૫૭ થી જમા મળેલ છે.

# ચાંદલાવિધી તથા શ્રીમંત સંસ્કાર અવસર



અ.સૌ.દિવ્યા • ચિ.મહેશ



ચિ.રીના • ચિ.સોહિલરાજ

ધોળા ગોદડજી (હાલ સુરત) રામાનુજ પરિવારના આંગણે પરમકૃપાળુ પરમાત્માની અસીમ કૃપાથી અ.સૌ.કપિલાબેન અશોકભાઈ રામાનુજના સુપુત્ર **ચિ.મહેશભાઈ**ના ધર્મપત્ની **અ.સૌ.દિવ્યા**ના શ્રીમત સંસ્કાર તા.૧૮/૦૯/૨૦૨૪ના રોજ બોટાદ મુકામે સંપન્ન થયેલ તેમજ નાના સુપુત્ર **ચિ.સોહિલરાજ** (એડવોકેટ, ગુજ.હાઈકોર્ટ)ના વેવીશાળ-શુભ ચાંદલાવિધી કમાલપુર નિવાસી (હા. સુરત) અ.સૌ.સુધાબેન મનસુખભાઈ અગ્રાવતની સુપુત્રી **ચિ.રીના** સાથે તા.૦૯/૦૮/૨૦૨૪ના રોજ સુરત મુકામે બંન્નેના પરિવારજનો તેમજ સગા-સંબંભીની વિશાળ હાજરીમાં આનંદથી સંપન્ન થયેલ. જે બન્ને શુભ અવસરની યાદી નિમીતે રામભક્તને રૂા.૧૫૦૦/- સ્થાનભેટ આપેલ છે.

**લી.**

શ્રી જીતેન્દ્રકુમાર ધરમદાસબાપુ રામાનુજ
શ્રી અમિતભાઈ દિલીપભાઈ રામાનુજ
શ્રી પરેશભાઈ દિલીપભાઈ રામાનુજ
શ્રી નિશાંત રાજેન્દ્રભાઈ રામાનુજ
સ્વ.ધરમદાસબાપુ જેજેરામજી રામાનુજ
શ્રી દિલીપભાઈ જેજેરામજી રામાનુજ
શ્રી અશોકભાઈ જેજેરામજી રામાનુજ
શ્રી રાજેન્દ્રકુમાર ધરમદાસબાપુ રામાનુજ

(હિત, હર્ષવિર, ધૃવ તથા રામાનુજ પરિવાર - ધોળા ગોદડજી)

રૂા.૧૫૦૦/- પ.નં. થી જમા મળેલ

## ઉતરાયણ મકરસંક્રાંતિ પર્વે છાત્રાબાળાઓને શેલ કાંઠાની મધુર શેરડીનું દાન - કરજાળા



સ્વ.રમણીકલાલ નાનકદાસ નિમાવત

સાવરકુંડલા તાલુકાના કરજાળા નિવાસી શ્રી નિતીનભાઈ અને શૈલેષભાઈ રમણીકબાપુ નિમાવત તરફથી મકરસંક્રાતિ પર્વ ઉપર શેલ નદી કાઠાની મધુર શેરડી એક ભાર રીક્ષા ૨૦ મણ જેટલી શેરડી છાત્રાલયની બાળાઓ માટે સંક્રાંતિના આગલા દિવસે મોકલી આપેલ. એ શેરડી છાત્રાબાળાઓએ પાંચ દિવસ સુધી આરોગી આ પરિવારની બાળાઓ છાત્રાલય શરૂ થઈ ત્યાંરથી ક્રમે ક્રમે અહીં રહીને અભ્યાસ કરેલ. શૈલેષભાઈના પિતાશ્રી સાકેતવાસી રમણીકભાઈ એ આ પર્વ ઉપર દર વર્ષે યાદ કરીને શેરડી મોકલતા એ ચિલો તેમના પુત્રો નિતિનભાઈ અને શૈલેષભાઈએ જાળવી રાખ્યો છે. શૈલેષભાઈની પુત્રી જાનવીબેન આ છાત્રાલયમાં રહીને અભ્યાસ કરે છે. તેના સ્વહસ્તે બધીજ બહેનોને શેરડીનું વિતરણ કરવામાં આવેલ. ખુબ.. ખુબ.. આભાર...

## સાકેતવાસી પૂજ્યશ્રી નાનાલાલબાપુ નિમાવત કરજાળાની વર્ષિ નિમિતે છાત્રાબાળાઓને મિષ્ટભોજન દક્ષિણા



સ્વ.મહંતશ્રી
નાનકદાસ મનોહરદાસ નિમાવત
સ્વ.તા.૨૮/૧૧/૨૦૨૪

કરજાળા રામજી મંદિરના મહંત સાકેતવાસી પૂજ્યશ્રી નાનાલાલબાપુ મનોહરદાસજી નિમાવતની વર્ષ નિમિતે તેમના પરિવાર તરફથી આ પ્રસંગ છાત્રાલયમાં ઉજવવા માટે બાપુની પૌત્રની પુત્રી જાનવીબેન શૈલેબભાઈ નિમાવત છાત્રાલયમાં રહીને અભ્યાસ કરે છે. તેથી બાપુની સ્મૃતિમાં સૌ છાત્રાબાળાઓને જમાડવાની ઈચ્છાથી સવંત ૨૦૮૧ પોષ વદ-પને રવિવાર તા.૧૯/૦૧/૨૦૨૫ના રોજ સૌ પરિવાર, સગાસંબંધીઓ સાથે છાત્રાલયે રૂબરૂ આવી મિષ્ટાન ફરસાણ સાથે રસોઈ બનવાડાવી ભગવાનને, બાપાને અને બાપુની ફોટો પ્રતિમાનું પૂજન કરી, સૌ સગાસંબંધીઓ, છાત્રાબાળાઓએ સમૂહમાં હનુમાન ચાલીસાનો પાઠ કરી સૌને જમાડવામાં આવ્યા દરેક છાત્રાબાળાઓ અને સ્ટાફને રૂા.૫૦/- દક્ષિણા આપવામાં આવી. સાથે છાત્રાલયને રૂા.૧૧૦૦/- રોકડ ભેટ આપવામાં આવી જે **પ.નં. ૭૩૮૪ થી જમા સ્વીકારી.** શૈલેષભાઈ અને તેમના પરિવારનો આભાર...

સોસાયટી એક્ટ રજી નં. ગુજ/૨૪૨ ટ્રસ્ટ રજી. નં. એફ, ૧૯૧ ભાવનગર







પરમ પૂજ્ય શ્રી દયારામબાપા પ્રેરીત

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળનું

# રામભક્ત

માસિક મુખપત્ર


### માલિક

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ
કન્યા છાત્રાલય – સાવરકુંડલા
જિ.અમરેલી (ગુજરાત) ૩૬૪૫૧૫

### તંત્રી/પ્રકાશક

શ્રી ભાનુપ્રસાદ ડી.રામાનુજ
ટ્રસ્ટીશ્રી,ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ

### પ્રમુખશ્રી

અરૂણભાઈ ડી.દેવમુરારી – સાવરકુંડલા
મો.૯૪૨૭૪૯૧૦૦૬

### મહામંત્રી

મનીષભાઈ આઈ.પિપાવત – કારિયાણી
મો.૯૮૨૪૪૮૩૭૧૨

### પ્રકાશન સ્થળ

રામભક્ત કાર્યાલય
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરુકુળ કન્યા છાત્રાલય
સાવરકુંડલા – ૩૬૪૫૧૫

### મુદ્રક

**હરિઃૐ ઓફસેટ** પાળિયાદ રોડ,બોટાદ ફોન : ૯૯૨૪૨ ૧૯૧૯૭

અધિક્ષકશ્રી : શ્રી ઘનશ્યામબાપુ (રાઘવ)-સાવરકુંડલા
મો.૯૪૨૬૯ ૭૦૩૭૩
સહતંત્રીશ્રી : શ્રી ભરતભાઇ જે. નિમાવત - વિસાવદર
મો.૯૯૭૮૨ ૩૧૩૫૧
સંપાદકશ્રી : શ્રી ડૉ.અશ્વિનભાઇ પી. રામાનુજ
મો.૯૪૨૬૨ ૨૮૦૯૮
સહસંપાદકશ્રી : શ્રી પ્રતાપભાઈ એલ.દેવમુરારી - બાબરા
મો.૯૪૦૯૩ ૩૨૧૬૫
વ્યવસ્થાપકશ્રી : શ્રી હિતેન્દ્રભાઈ એ.નિમ્બાર્ક - સાવરકુંડલા
મો.૯૪૨૬૯ ૯૯૭૧૮

### : પ્રચાર મંત્રીશ્રીઓ :

મનહરભાઈ એન.દેવમુરારી - શિહોર મો.૯૯૨૫૯૩૭૫૧૫
રશ્મીનભાઈ સી.અગ્રાવત - સુરત મો.૯૦૯૯૮૪૬૨૦૮
સમીરભાઈ આઈ.લશ્કરી - ભાવનગર મો.૯૮૭૭૩૭૩૮૩૯

### : પેટા કાર્યાલય :

- **શ્રી ભાનુપ્રસાદ ડી.રામાનુજ - બોટાદ**
  વિશ્રુપ્રેસ, એમ.ડી. સ્કૂલ સામે, અશોક વાટિકા સોસાયટી, પાળિયાદ રોડ, બોટાદ. મો.૯૯૭૪૦૫૩૬૫૩
- **શ્રી ડૉ.અશ્વિનભાઇ પી. રામાનુજ - પાલીતાણા**
  ૧૦, ગુ.હા.બોર્ડ કોલોની, ચિત્રકુટ, હવામહેલ રોડ, મું.પો.પાલીતાણા, જિ.ભાવનગર મો.૯૪૨૬૨૨૮૦૯૮
- **શ્રી અશોકભાઇ જે. રામાનુજ - સુરત**
  મુ.કામરેજ (સુરત) શ્રૃષ્ટી રેસીડેન્સી, બ્લોક નં.૧૬, મારૂતીનગરની બાજુમાં, કામરેજ ચાર રસ્તા, સુરત. મો.૯૪૦૮૫૨૮૭૪૭
- **શ્રી રઘુવીરભાઇ એમ. રામાનુજ - જોરાવરનગર**
  લાઇબ્રેરી પાસે, મું. જોરાવરનગર, જિ.સુરેન્દ્રનગર - ૩૬૩૦૦૨ મો.૯૬૬૨૫૪૫૦૫૬
- **શ્રી ઘનશ્યામભાઈ આર.નિમાવત - મોરબી**
  ઋષભનગર ૩ પ્લોટ નં.૬૫,ચબુતરા પાસે,મોરબી મો.૯૯૨૫૫ ૬૫૮૫૬



પત્ર વ્યવહારનું સરનામું :- રામભક્ત કાર્યાલય, શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય,
ઉતાવળા હનુમાનજીની જગ્યા પાસે, મહાકાળી ચોક, હાથસણી રોડ,
9409851251 મું.પો.સાવરકુંડલા. જી.અમરેલી - ૩૬૪૫૧૫. મો.નં. : ૬૩૫૩૮૯૦૧૯૬, ૦૨૮૪૫-૨૯૯૩૦૦

E-mail : rambhakt.svkd@gmail.com


**લવાજમ દરો...**
ભારતમાં વાર્ષિક રૂા.૩૦૦/- મુદતી ૧૦ વર્ષ રૂા.૨૫૦૦/- છુટક કિંમત રૂા.૩૦/-
કુરીયર સેવા - ચાર્જ : સૌરાષ્ટ્ર / ગુજરાત : ૨૦૦/- વાર્ષિક
કુરીયર ચાર્જ : અન્ય રાજ્યમાં : ૩૦૦/- વાર્ષિક

**સંસ્થાને 80-G હેઠળ કરમુક્તી મળેલ છે.**
80G No. : AAFTS4033AF20224

## બેન્ક એકાઉન્ટમાં નાણા જમા કરાવવા બાબત

શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યાછાત્રાલય અને **રામભક્ત** મુખપત્ર માટે લવાજમ ભેટ, તિથીદાન કે કોઈપણ પ્રકારની ભેટ મોકલવા માટે બેન્કનો ઓનલાઈન ઉપયોગ કરી કોઈપણ પ્રકારના ચાર્જ વગર આપના નાણા સીધ્ધા બેન્કમાં જમા કરાવવા માટે **એક્સીસ બેન્ક** અથવા **એસ.બી.આઇ. બેન્ક**ની કોઈપણ શાખામાં **શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ**ના નામે નીચેના ખાતા

| | | |
|---|---|---|
| ૧. એક્સીસ બેન્ક - સાવરકુંડલા | ખાતા નં. : ૯૧૮૦૧૦૦૪૦૮૬૬૩૩૫ | IFSC : UTIB0002649 |
| ૨. એસ.બી.આઇ. બેન્ક - સાવરકુંડલા | ખાતા નં. : ૬૬૦૧૫૯૩૫૦૮૫ | IFSC : SBIN0060013 |



વેરમાં વાંધો છે અને સ્નેહમાં સાંધો છે.

# તંત્રીની કલમે.....



## આત્મીય જ્ઞાતિબંધુ એવં વાચક વર્ગ.....
## નમસ્કાર સહ સૌને જય સિયારામ સાથ

મહામાસ આવે એટલે **"મહાશીવરાત્રી"** યાદ આવે ને આવે જ ! હાં, જેને આ ખ્યાલ નથી તે વાત જુદી. તો દરેક ચૌદશ શિવરાત્રી જ ગણાય પણ **મહામાસની ચૌદશને મહાશીવરાત્રી કહેવાય છે.** જ્યાં નવનાથ, બાવન વીર, ચોર્યાસી સિધ્ધો અને ચોસઠ જોગણીઓનાં બેસણાં છે, એવા સોરઠના પાટનગર જુનાગઢમાં આવેલ ગરવો ગઢ ગિરનાર પર્વતાધિરાજ હિમાલયનો પણ પ્રપિતામહ ગણાય છે (તેથી જ જુનાગઢને જીર્ણદુર્ગ પણ કહેવાય છે.)

તો શ્રી કૃષણ ભગવાનની બાળલીલા ભલે વ્રજ વૃંદાવનમાં રહી પણ કર્મભૂમિ તો ગરવી ગુજરાત અને સોરઠમાં રહી છે. મહાભારત, ભાગવત, હરિવંશમ્ અને અન્ય પૌરાણિક કથામાં શ્રી કૃષ્ણની "રાજલીલા"નું વિશેષ વર્ણન મળી આવે છે. જેમાં રેવતાચળ એટલે જુનાગઢના ગિરનાર પર્વતની વાત છે. જ્યારે મથુરાથી પીછો કરવા દોડી રહેલા કાળયવનને ભસ્મ કર્યો અને મહાતપસ્વીને દર્શન આપીને ઉધ્ધાર કર્યો તે આજે દામોદર કુંડની બાજુમાં રેવતી કુંડ અને મુચકુંદ ગુફા તેની ઐતિહાસિક સાક્ષી પુરે છે. તેમજ જ્યારે શ્રી કૃષ્ણ ભગવાને રૂકમણીનું હરણ કર્યું અને તેનો વિવાહ કર્યો તે માધવપુર (ઘેડ) પણ સાક્ષી પુરે છે. તેમજ જ્યારે તેમનો શિષ્ય અને સખા અર્જુન સૌરાષ્ટ્ર તરફ આવી રહ્યો છે તેવા સમાચાર સાંભળતા શ્રીકૃષ્ણે દોટ મુકી હતી. દ્વવારિકાથી તે પ્રભાસ તિર્થે આવ્યા, જ્યાં આગળ અર્જુને નિવાસ કર્યો હતો ત્યાં બન્ને મળ્યા અને ત્યાંથી ગિરનાર (રૈવતક) પર આવ્યા. અને સુખ-દુઃખની વાતો કરી બન્ને પાછા દ્વવારિકા આવ્યા અને થોડો સમય સાથે રહ્યા પછી પ્રસિધ્ધ **" રૈવતક ઉત્સવ"** આવ્યો જેમાં આખી દ્વવારિકા અને અર્જુન તથા શ્રીકૃષ્ણ પાછા જીર્ણદુર્ગ (જુનાગઢ) રેવતાચળ (ગીરનાર)ની તળેટીમાં ડેરાં તંબુ નાખી સૌએ ઉત્સવ મનાવ્યો ત્યારથી આ મેળાનું આયોજન થતું આવ્યું છે.

તો આવા પ્રસિધ્ધ પવિત્ર પર્વતાધિરાજ ગિરનારની ગોદમાં જ્યાં સદાશીવ ભવનાથ મહાદેવના પટાંગણમાં અને સાનિધ્યમાં મહાવદ નવમીથી ચૌદશ સુધી મહામેળાનું આયોજન થતું આવ્યું છે. હજારોની સંખ્યામાં શંભુદળ, અને રામદળના સંતો-મહંતો, મહામંડલેશ્વરો આ પાંચ દિવસ ધુણી ધખાવી બમ-બમ ભોલેનાથ - જય ગીરનારીના નારા સાથે ભજન, ભોજન, ધુનમાં લાખો શ્રધ્ધાળું મસ્તક નમાવી જીવમાંથી શીવ બનવા પ્રયત્ન શીલ બને છે. શીવ રામનું ભજન કરે છે, જ્યારે રામ શીવજીનું ભજન કરે છે. ત્યાં કોઈ તકલીફ નથી બધીય અહીયા છે. આ કુકમંડુકતા જ ગણાય. બ્રહ્મ+માયા=ઈશ્વર અને ઈશ્વરને જગતની ઉત્પતી-સ્થિતિ-લયનું આદિ કારણ છે. તેમજ ઈશ્વર તેમના ભિન્ન ભિન્ન કાર્ય ક્ષેત્રમાં બ્રહ્મા-મહેશ-વિષ્ણું કે મહેશ એવા જુદા-જુદા નામથી બોલાય છે. બાકી તો તત્વે કરીને તો તે માત્ર શુધ્ધ બ્રહ્મ જ વિલસી રહ્યા છે.

ખેર ! ગતાંકમાં "મહાકુંભ" વિશે આપે જાણ્યું અને પછી જોયું અને ઘણાએ અનુભવ્યું. ગમે તે પ્રકારે મહાકુંભના દર્શન કરતાં કરતાં આપણને એમ જ થાય કે, આપણે સાચે જ મહાકુંભમાં છીએ ! આ છે સુવ્યવસ્થા, આ છે સનાતન સત્ય ! ૧૪૪ વર્ષે આવતો આ મહાકુંભ પ્રયાગરાજ તિર્થક્ષેત્રમાં ત્રિવેણીમાં ડુબકી મારવાથી કે, દાર્શનિકથી સૌ કોઈએ ચરિતાર્થ કર્યું-કરીએ છીએ. આ વખતે મોટી સંખ્યામાં **"કલ્પવાસ"** તેમજ જુદા-જુદા અખાડાઓમાં હજારોની સંખ્યામાં **દીક્ષા ગ્રહણ અને મહામંડલેશવર** પદવી પણ મેળવી, આવા મહાકુંભમાં કાંઠે બેઠાં-બેઠાં ટીકા ટીપ્પણી કરે તે અનાર્ય જ ગણાયા. હવે જે કોઈ ત્યાં જઈ શકવા સમર્થ નથી તેના માટે તેને સવારમાં એક ડોલ પાણીમાં ગંગાજળના ટીપા નાખીને ગંગા,જમના, સરસ્વતી, ગોદાવરી, નર્મદા, કાવેરી-સરયુ એમ નદીઓના નામ લઈ શ્રધ્ધાં પૂર્વક સ્નાન કરવાથી જરૂર લાભ મળે-મળેજ ! ભાવના જોઈએ !!

છેલ્લે : **જે મનુષ્ય શાસ્ત્રોના આદેશની અવલેહના કરે છે. અને પોતાની ધૂનમાં (અહં) ગમે તેમ વર્તન કરે છે તે નથી સિધ્ધી પામતો કે નથી સુખ પામતો-નથી પરમ ગતીને પામતો.**

**તંત્રી...**



# અમરેલી શહેર રામાનંદી સાધુ સમાજ દ્વારા પ.પૂ.શ્રી ૧૦૦૮ જગદ્ગુરૂ રામાનંદાચાર્યજી મહારાજની ૭૨૫મી જન્મજયંતી ભવ્યાતી ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવેલ

અમરેલી શહેર રામાનંદી સાધુ સમાજ દ્વારા તા.૨૫/૦૧/૨૦૨૫ મંગળવારના રોજ સવિતાબા રામાનંદ કુમાર છાત્રાલય ખાતે ભવ્ય રીતે ગુરૂ મહારાજની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવેલ પ્રથમ ગુરૂજીનું પુજન-અર્ચન કરવામાં આવેલ. દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ હતું. પૂજ્ય રામમનોહરદાસબાપુ દ્વારા સનાતન ધર્મ અને જ્ઞાતીમાં એક રહેવા નેક રહેવા જણાવેલ હતું. બાપુ દ્વારા કુંભ મેળાનું વ્યવસ્થા અંગે જણાવવામાં આવેલ અને આર્શીવચન આપેલ હતા. સાથે વિહાઆપાની જગ્યાના મહંતશ્રી પ્રભુદાસબાપુ, જુના વાઘણીયાના મહંતશ્રી રામદાસજીબાપુ પણ પધારેલ હતા. ત્યારબાદ રામભાઈ દેવમુરારી દ્વારા ગુરૂ મહારાજની હુંડી સંભળાવવામાં આવી હતી. ત્યારબાદ પધારેલ મહાનુભાવોનું ફુલ-હારથી સ્વાગત કરવામાં આવેલ હતું.

આ પ્રસંગ અનવયે આર્થીક યોગદાનના દાતાશ્રી ડો.ચિરાગભાઈ કુબાવત સાહેબ જેઓ છેલ્લા ઘણા વર્ષોથી આર્થીક યોગદાન આપતા રહ્યા છે. તેઓનું જ્ઞાતીરત્ન એવોર્ડ આપી સન્માન કરવામાં આવેલ હતુ. સાથે છેલ્લા ત્રણ વર્ષથી અનુદાન આપતા શ્રી રમેશચંદ્ર કેશવલાલ દેવમુરારીને સન્માન પત્ર આપી સન્માન કરવામાં આવેલ હતુ. સાથે કચ્છના વતની કેપ્ટન હરીકૃષ્ણસાધુ સાહેબ (પાઈલોટ) નું સાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ. સાથે અમરેલી સ્ટેમ્પ વિભાગમાં ડેપ્યુટી કલેકટર તરીકે સેવા આપતા માતંગભાઈ નિમાવત સાહેબનું પણ સન્માન કરવામાં આવેલ હતુ. જ્ઞાતી વડીલો દ્વારા સમાજ હીતલક્ષી પ્રવચનો પણ કરવામાં આવેલ હતા.

દાતાઓ દ્વારા પર થી વધુ તેજસ્વી તારલા (વિદ્યાર્થીઓ)નુ સન્માન કરી પ્રોત્સાહિત કરવામાં આવેલ હતા. તેમાં MBBS, એન્જીનીયરીંગ જેવા ઘણા ઉચ્ચ અભ્યાસક્રમ વાળા વિદ્યાર્થીઓ હતા જે ખુબ ગર્વની વાત છે. સાથે શૈક્ષણિક ઈનામના દાતા સંજયભાઈ તથા અજયભાઈ અગ્રાવત, અમુભાઈ રામાવત (આજીવન દાતા), ભાવેશભાઈ અગ્રાવત, દેવાંગભાઈ દેવમુરારીનું સન્માન પણ કરવામાં આવેલ હતુ. ફરજ કાળ પૂર્ણ થતા નિવૃત થતા ઉપપ્રમુખ પંકજભાઈ દેવમુરારી અને ખજાનચી ગૌતમભાઈ કુબાવતની વિશિષ્ટ સમાજ સેવા ધ્યાને લઈ બન્ને નું સન્માન કરવામાં આવેલ સાથે અમરેલી શહેર મંડળને આર્થીક યોગદાન આપતા ૧૨૫ થી વધુ જ્ઞાતીબંધુઓનું ગીફટ આપી સન્માન કરવામાં આવેલ હતુ. મહીલા મંડળના પ્રમુખ કીશોરીબહેનનું પણ સન્માન કરવામાં આવેલ.

આ કાર્યક્રમને સફળ બનાવવા કારોબારી સભ્ય કપીલભાઈ જે. દેવમુરારી દ્વારા પત્રીકા સૌજન્ય કરેલ, અંજલી કુરીયર વિજયભાઈ નટુભાઈ ભડીંગજી દ્વારા કુરીયરની સેવા કરેલ, કા.સભ્ય બિપીનભાઈ દેવમુરારી દ્વારા ફુલહારની સેવા, કા.સભ્ય સંજયભાઈ અગ્રાવત દ્વારા બેનરની સેવા, ગણેશ વોટર સપ્લાય ધ્રુવભાઈ સંજયભાઈ અગ્રાવત દ્વારા પાણીની સેવા, જ્ઞાતીબંધુ ભરતભાઈ વિષ્ણુસ્વામી દ્વારા સનાતન ધર્મની વાર્તા સાથે ફોટોગ્રાફીની સેવા (રામદળ ન્યુઝ ચેનલ) આ કાર્યક્રમની સંપૂર્ણ રૂપરેખા મંત્રીશ્રી જીતુભાઈ ચરણદાસ, કા.સભ્ય ટોમભાઈ અગ્રાવત દ્વારા તૈયાર કરી મેનેજમેન્ટ કરવામાં આવેલ, એન્કરીંગ કા.સભ્ય કપીલભાઈ એ. દેવમુરારી દ્વારા ખુબજ સુંદર, સરળ અને ઉત્સાહ રૂપ કરવામાં આવેલ. કેટરીંગ, સાફ-સફાઈની વ્યવસ્થા બિપીનભાઈ દેવમુરારી દ્વારા કરવામાં આવેલ, મંડપ ગોઠવણીની વ્યવસ્થા ગૌતમભાઈ કુબાવત દ્વારા કરવામાં આવેલ, આ સહયારા પ્રયાસથી અંદાજીત ૪૫૦ થી વધુ જ્ઞાતીબંધુઓ, માતાઓ, બહેનો, બાળકોએ સાથ સમુહ ભોજન કરેલ હતું.

આ કાર્યક્રમને ભવ્યાતી ભવ્ય રીતે સફળ બનાવવા સંપૂર્ણ કારોબારી ટીમ મંત્રી જીતુભાઈ ચરણદાસ, જતીનભાઈ લશ્કરી, કમલેશભાઈ લશ્કરી, પંકજભાઈ દેવમુરારી, ટોમભાઈ અગ્રાવત, બિપીનભાઈ દેવમુરારી, દીનેશભાઈ બાવનીયા, કપિલભાઈ જે. દેવમુરારી, કપિલભાઈ એ. દેવમુરારી, ભાવેશભાઈ અગ્રાવત, શિશિરભાઈ દેવમુરારી દ્વારા સખત જહેમત ઉઠાવેલ હતી. સાથે રમેશભાઈ દેવમુરારી, નરેન્દ્રભાઈ નિમાવત, જમનાદાસ નિમાવત, રોહીતભાઈ અગ્રાવત, મનીષભાઈ અગ્રાવત, કીરીટભાઈ ટીલાવતનો પણ સહકાર મળેલ હતો. ખૂબ જ ઉત્સાહ ઉમંગના સુંદર વાતાવરણમાં ગુરૂ જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવેલ હતી. જ્ઞાતી બંધુઓ, માતાઓ, બહેનો, બાળકોમાં પણ ખુબ જ ઉત્સાહ જોવા મળેલ, સાથે જીલ્લા મંડળના ટ્રસ્ટી શ્રી મંજુલાબહેનલશ્કરી દ્વારા કુટુંબના મોભી ગુમાવનાર એક બહેનશ્રી ને પોતે પગભર થઈ શકે તે ઉમદા હેતુથી સીવણ સંચો આપી સમાજને નવો રાહ ચીંધવા પ્રયાસ કરેલ હતો. સાથે છાત્રાલય ખાતે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર પણ આપી ઉમદા કાર્ય કરેલ હતુ. અમરેલી શહેર મંડળના કારોબારી સભ્યો તથા જ્ઞાતીબંધુઓ દ્વારા કુટુંબના મોભી ગુમાવનાર બહેનને યથા શક્તિ ફંડ એકઠું કરી બહેનને ફુલની પાંખડી રૂપે રોકડ રકમ અર્પણ કરવામાં આવેલ હતી. અને સમાજ ને યથા શક્તિ મદદ કરવા અપીલ કરવામાં આવેલ હતી.

અમરેલી શહેરમાં ખુબ જ સેવાકીય અને ઉમદા કાર્ય કરતા શહેર મંડળના પૂર્વ પ્રમુખ અને જીલ્લા મંડળના ટ્રસ્ટી ભીખુભાઈ અગ્રાવત શ્રવણ પ્રસાદ સેવા કેન્દ્રના સંચાલક જેવો દરરોજ સવાર-સાંજ ૧૨૦ થી વધુ ઉમર લાયક, વૃધ્ધ, અશક્ત વડીલોને ઘર સુધી ભોજન રૂપી ટીફીન પહોંચાડવાનું ઉત્તમ સેવાકીય કાર્ય કરતા હોઈ તેઓનું પણ શહેર મંડળ દ્વારા ફુલહાર, સાલ, મોમેન્ટો આપી સન્માન કરવામાં આવેલ.

શહેર મંડળના મંત્રી જીતુભાઈ એમ. ચરણદાસ દ્વારા ખુબજ કરકસર અને ચોક્કસાઈ પૂર્વક મંડળની નાણાકીય કામગીરીનો હીસાબ જ્ઞાતુબંધુઓને રજુ કરેલ હતો. અંતે કાર્યક્રમ ખુબજ ઉત્સાહ, ઉમંગ પૂર્વક ઉજવવામાં આવેલ તેમ પ્રમુખ આકાશ ધર્મેન્દ્રભાઈ અગ્રાવત તથા મંત્રી જીતુભાઈ એમ. ચરણદાસની યાદીમાં જણાવવામાં આવેલ... સિતારામ...

**પ્રમુખ/મંત્રી**
અમરેલી શહેર
રામાનંદી સાધુ સમાજ



જીવીત વ્યક્તિઓની અનેક ભાષા હોય છે, મરેલાની એક.



## રાજુલા તાલુકા દ્વારા શ્રી શ્રી ૧૦૦૮ શ્રી જગતગુરૂ શ્રી રામનંદાચાર્યજી મહારાજની ૭૨૫મી જન્મ જયંતીની ઉજવણી

આજ રોજ તારીખ ૨૧/૦૧/૨૦૨૫ ને પોષ વદ સાતમને મંગળવારના જગતગુરુ શ્રી શ્રી ૧૦૦૮ શ્રી રામાનંદાચાર્યજી મહારાજની ૭૨૫મી જન્મ જયંતિ પ.પૂ.શ્રી અમરદાસબાપુ પૂર્વ ચેરમેનશ્રી (ગુ.રા.સા.સ.ઉ.મં. રાજ્ય મંડળના)ની નિશ્રામાં રાજુલા તાલુકા રામાનંદી સાધુ સમાજ દ્વારા ભાવભેર અને પુર્ણ હર્ષો ઉલ્લાસ સાથે ઉજવવામાં આવેલ.

સૌ પ્રથમ નાની બાલીકાઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ. ત્યારબાદ પૂજન-અર્ચન કર, ગુરૂ મહારાજની આરતી, શ્રી રામ સ્તુતી, મંગળમુર્તી, ગરબી તેમજ હનુમાન ચાલીસાના પાઠ જગદ્‌ગુરુ મહારાજની સ્તુતી, થાળ વિગેરે ભાવ પૂર્વક સંગીત સાથે યોજીને ગુરૂ મહારાજને રીઝવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો . નિતીનભાઈ નિમાવત દ્વારા જગતગુરૂ મહારાજના જીવન દર્શન વિશે પ્રકાશ પાડવામાં આવેલ.

આગામી તારીખ ૦૨/૦૩/૨૦૨૫ ના રામપરા-૨ વૃન્દાવનબાગ ખાતે રાજુલા તાલુકા રામાનંદી સાધુ સમાજ ટ્રસ્ટ દ્વારા આયોજીત સમુહ લગ્ન બાબતે અગાઉનાની મીટીંગ થયેલ ચર્ચા મુજબ કમીટીઓની રચના કરવા અને કાર્યક્રમને સફળ બનાવવા જ્ઞાતિજનોને પ.પૂ.અમરદાસબાપુ દ્વારા હાકલ કરવામાં આવેલ.

જેના પ્રતિસાદ રૂપ દરેક જ્ઞાતિજનો એ ભાવપૂર્વક સહકારની જોરશોરથી ખાત્રી આપેલ અને સ્થળ ઉપરજ કમીટીની રચના કરવામાં આવેલ ઉપરાંત મહીલા કમીટીની પણ રચના કરવામાં આવી.

કાર્યક્રમના અંતે પ્રમુખશ્રી અલ્પેશભાઈ ટીલાવત દ્વારા આભારવિધી કરીને સૌ સ્વરૂચી મહાપ્રસાદ લઈ સૌ છુટા પડેલ.

રૂા.૧૧૧૧/- પ.નં. ૭૪૫૯ થી જમા મળેલ છે.








## યતિરાજશ્રી સાર્વભોમ જગદ્‌ગુરૂ ૧૦૦૮ રામાનંદાચાર્યની સ્વામીની મંગળા આરતી



જગદ્‌ગુરૂશ્રી ૧૦૦૮ શ્રી રામાનંદાશાચાર્યજી મહારાજ

રૂા.૨૦૦/-પ.નં. ૭૧૬૩ થી જમા મળેલ છે.

ભયે પ્રગટ કૃપાકર કરૂણા સાગરશ્રી રામાનંદ ભગવાના
રઘુપતિ મમ સુન્દર પરમ મનોહર પ્રભુ વિજ્ઞાન વિદ્યાના
સંન્તન સુખદાયક મુક્તિ પ્રદાયક શાન્તિ સદન સુખરાશી
માયામદ ગંજન જન ભય ભંજન આચારજ અવિનાશી
પાખંડ વિનાશન તત્વ પ્રકાશન બંન્દતિ જેહિમુની જ્ઞાની
દિનન દુઃખ હારી અઘમ ઉધારી તેજોમય તપ ખાની
માતા છબી દેખી હર્ષ વિશેશી બારબાર બલી જાઈ
મુખચંદ્ર ઉજારી ચિતવન ભારી બાનિન બરની ન જાઈ
તનુશોભા સારં ક્રાંન્તી અપારં તિલક ચિન્હ યુત ભાલમ્
મુસ્કાન રસાલં નયન વિશાલં ઉર રંજીત બન મોં
હર્ષહિ સુર વૃન્દા અતિહિ આનંદા વર્ષહિ સુર તરૂફલા
નભ દુન્દુભીલાહિ ઋષિ ગણ ગાજહી ભાજગ મંગલમુલા

**બોલીએ પતિશ્રી સાર્વભોમ જગદ્‌ગુરૂ ૧૦૦૮ રામાનંદ સ્વામીની જય**

લેખન રજુઆત : અગ્રાવત ગોકુલદાસજી, ગામ- નારી



પ્રેમ એક રંગીન સ્વપ્ન છે, જેની શરૂઆત 'વાહ' અને અંત 'આહ' માં થાય છે.

# શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરુકુળ કન્યા છાત્રાલય - સાવરકુંડલા

## વાલી સંમેલન અહેવાલ

તા.૧૧/૦૧/૨૦૨૫, શનિવાર

જોગીદાસ ખુમાણની ભૂમિ તરીકે ઓળખાતા સાવરકુંડલામાં આવેલ શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરુકુળ કન્યા છાત્રાલયમાં તા.૧૧/૦૧/૨૦૨૫ ને શનિવાર નાં રોજ વાલી સંમેલનનું આયોજન કરવામાં આવેલું હતું આ વાલી સંમેલનને વધુ સોહામણુ બનાવવા કન્યા છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતી છાત્રાબાળાઓના વાલીઓ તેમજ સંસ્થામાં સતત કાર્યરત અને સંસ્થાનાં વિકાસમાં રત રહેનાર ટ્રસ્ટીઓ, સંતો, મહંતો સાથે નાના પ્રસંગને મોટું સ્વરૂપ આપી બધાની સાથે હળવા-મળવાની પ્રેરણાથી આ પ્રસંગ ઉજવવામાં આવ્યો.

આમંત્રણને માન આપી પધારેલા ટ્રસ્ટીઓ, સંતો અને મહંતો દ્વારા કાર્યક્રમની શરૂઆતમાં દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરતાં ધો.૯ ની છાત્રાબાળાઓએ સ્વાગત ગીત રજુ કરી મહેમાનોનું ભાવભર્યું સ્વાગત કર્યું. બાદ મહેમાનોનું શબ્દો દ્વારા સ્વાગત મહામંત્રી શ્રી મનિષભાઈ પીપાવત દ્વારા કરવામાં આવ્યું. વાલી સંમેલનના કાર્યક્રમ અનુરૂપ આપણે એકઠા થયા તો કાર્યક્રમનો મુખ્ય હેતું માટે આપણા પ્રમુખશ્રી અરૂણભાઈ દેવમુરારી એ પ્રાસંગિક ઉદ્દબોધન આપેલ. ત્યારબાદ ધો.૯ અને ૧૦ ની છાત્રાબાળાઓએ આગળના વર્ષમાં જે પરિણામ મેળવ્યું તેના માટે છાત્રાબાળાઓને મોમેન્ટો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

**ધો.૯**

| | | | | | |
|---|---|---|---|---|---|
| વિષ્ણુસ્વામી વૈષ્ણવીબેન સંજયભાઈ | પ્રથમ | 81.57 % | સાધુ ખુશીબેન શામદાસ | તૃતીય | 73.14 % |
| રામપ્રસાદી નેહાબેન હરેશભાઈ | દ્વિતીય | 78.43 % | નિમાવત ઋત્વીબેન નિર્મળભાઈ | તૃતીય | 73.14 % |

વચ્ચે-વચ્ચે ટ્રસ્ટીઓ વાલીઓ દ્વારા બાળાઓને પ્રોત્સાહિ કરતા રોકડભેટ આપવામાં આવી. ત્યારબાદ ધોરણ-૧૦ ની છાત્રાબાળાઓને મોમેન્ટો આપી નવાજવામાં આવી.

**ધો.૧૦**

| | | |
|---|---|---|
| દેવમુરારિ નીકિતાબેન પ્રવિણભાઈ | પ્રથમ | 73.00 % |
| અગ્રાવત ખુશાલીબેન અમરદાસ | દ્વિતીય | 66.54 % |
| અગ્રાવત જેનીષાબેન છબીલદાસ | તૃતીય | 66.00 % |

ગુરૂ ગોવિંદ દોનો ખડે કિસકો લાગુ પાય, બલિહારી ગુરૂ આપકી, ગોવિંદ દીયો બતાય.

ત્યારબાદ T.Y.B.A. ટીલાવત ધ્રુવીબેન ગજેન્દ્રભાઈ છાત્રાબાળાએ ‘ સોશિયલ મિડિયા ’ વિશેષ સ્પીચ રજૂ કરવામાં આવી. ત્યારબાદ કોલેજના બહેનો દ્વારા ડાન્સ રજૂ કરવામાં આવ્યો. ત્યારબાદ ધો.૯ ની છાત્રાબાળા નિમાવત શ્રેયાબેન દ્વારા પિતા વિશે વ્યક્તવ્ય રજુ કર્યું. ત્યારબાદ ધો.૧૧ અને ૧૨ ની છાત્રાબાળાઓને મોમેનટો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

**ધો.૧૧ (આર્ટસ)**

| | | |
|---|---|---|
| નિમાવત નેન્સીબેન કિશોરભાઈ | પ્રથમ | 81.55 % |
| દેવમુરારિ વિશ્વાબેન મહેશભાઈ | દ્વિતીય | 78.88 % |
| અગ્રાવત નિધિબેન ઘનશ્યામભાઈ | તૃતીય | 76.55 % |

**ધો.૧૧ (કોમર્સ)**

| | | |
|---|---|---|
| નિમાવત જાનવી શૈલેષભાઈ | પ્રથમ | 69.44 % |

ત્યારબાદ ધો.૧૨ ની છાત્રાબાળાઓને મોમેન્ટો આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ.

**ધો.૧૨**

| | | |
|---|---|---|
| દેવમુરારિ ખુશ્બુબેન અનિલભાઈ | પ્રથમ | 85.57 % |
| દેવમુરારિ હિરલબેન રામભાઈ | દ્વિતીય | 74.28 % |
| નિમાવત જાનવીબેન કિશોરભાઈ | તૃતીય | 67.57 % |

ત્યારબાદ આપણા ખજાનચી/ટ્રસ્ટી પૂર્વ પ્રમુખ શ્રી અશોકભાઈ રામાનુજ દ્વારા પ્રાસંગિક ઉદ્દબોધન આપવામાં આવેલ. ત્યારબાદ ધો.10th અને 11th ની છાત્રાબાળાઓ દ્વારા ‘માઁ’ ની ભક્તિનો સરસ ગરબો રજૂ કરવામાં આવ્યો. ત્યારબાદ સંસ્થાના ટ્રસ્ટી/પૂર્વ પ્રમુખશ્રી ડો.અશ્વિનભાઈ રામાનુજ દ્વારા પ્રાસંગીક ઉદ્દબોધન આપવામાં આવેલ. ત્યારબાદ ધો.12th ની છાત્રાબાળા કુબાવત હેતલબેન સંજયભાઈ દ્વારા કળયુગ વિશે વક્તવ્ય રજૂ કરવામાં આવ્યું ત્યારબાદ કોલેજના બહેનોને મોમેન્ટો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

**F.Y. આર્ટસ**

| | | |
|---|---|---|
| હઠિનારાયણ કિરણબેન અનિલભાઈ | પ્રથમ | 79.09 % |
| અગ્રાવત ગાયત્રીબેન ઘનશ્યામભાઈ | દ્વિતીય | 61.81 % |
| નિમાવત દિક્ષીતાબેન યોગેશભાઈ | તૃતીય | 61.00 % |

**F.Y. કોમર્સ**

| | | |
|---|---|---|
| અગ્રાવત દ્રષ્ટિબેન અમરદાસ | પ્રથમ | 85.81 % |
| અગ્રાવત દ્રષ્ટિબેન ભગવાનજીભાઈ | દ્વિતીય | 79.81 % |

ત્યારબાદ S.Y.B.A. ના બહેનોને મોમેન્ટો આપવામાં આવેલ.

**S.Y.**

| | | |
|---|---|---|
| નિમાવત કૃપાબેન મહેશભાઈ | પ્રથમ | 80.25 % |
| ટિલાવત ધ્રુવિબેન ગજેન્દ્રભાઈ | દ્વિતીય | 73.75 % |
| કુબાવત સિધ્ધીબેન અશોકભાઈ | તૃતીય | 69.50 % |

**T.Y. આર્ટસ**

| | | |
|---|---|---|
| કુબાવત શ્વેતાબેન રસિકભાઈ | પ્રથમ | 79.00 % |
| કુબાવત જાનવીબેન પ્રવિણભાઈ | દ્વિતીય | 75.84 % |
| કુબાવત પુનમબેન સંજયભાઈ | તૃતીય | 70.95 % |

**T.Y. કોમર્સ**

| | | |
|---|---|---|
| નિમાવત દિપિકાબેન મહેશભાઈ | પ્રથમ | 72.50 % |

ત્યારબાદ આપણી સંસ્થાના પાયાના પથ્થર એવા પૂજ્ય ઘનશ્યામબાપુએ આ સંસ્થા વિશે અને પ્રસંગ અનુરૂપ ઉદબોધન આપ્યું. ત્યારબાદ ધો. ૧૨ ની બહેનો દ્વારા રાધા અને કૃષ્ણની અમર પ્રેમ કહાનીનો ડાન્સ રજૂ કરવામાં આવ્યો. S.Y. ની બહેન હઠીનારાયણ કિરણબેન અનિલભાઈ દ્વારા સ્ત્રી સશક્તીકરણ વિશેની સ્પિચ રજૂ કરવામાં આવી.

કાર્યક્રમની સમાપ્તી બાદ જેમની દિકરીઓ આ છાત્રાલયમાં અભ્યાસ કરે છે. તેવા વાલીઓ પૈકી શ્રીમતિ રેખાબેન મહેશભાઈ નિમાવત પોતાને થયેલ અનુભવો અને પોતાની દિકરીએ છાત્રાલય વિશે જે લાગણીઓ અનુભવી તે બંનેનું મિશ્રણ વાલીઓના વક્તવ્યમાં રજૂ થયેલ જોવા મળ્યું હતું.

છાત્રાબાળાઓને પ્રતિવર્ષ આ રીતે પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ માટે શિક્ષણના હિમાયતી જ્ઞાતિરત્ન વડોદરા નિવાસી વૈદ્યરાજ કાંતિદાદા આચાર્ય તરફથી સંસ્થા શરૂ થયાના બીજા જ વર્ષે શૈક્ષણિક ફંડ મોકલવામાં આવેલ અને તેઓની જે તે સમયની સુચના પ્રમાણે પ્રતિવર્ષ જે તે ફંડની રકમના વ્યાજમાંથી મોમેન્ટો બનાવવામાં આવે છે.

પ્રથમ ક્રમના મોમેન્ટો કુલ ૧૦ના આજીવન સૌજન્યકર્તા સ્વ.નિર્મળાબા કાંતિલાલ આચાર્ય, વડોદરા., બીજા ક્રમના મોમેન્ટોના સૌજન્યકર્તા સંસ્થામાં રહીને અભ્યાસ કરી ચુકેલ છાત્રાબાળા શ્રી ઉષાબહેન કાળીદાસ નિમાવત સાવરકુંડલા (હાલ અમરેલી), ત્રીજા ક્રમના મોમેનટોના આજીવન સૌજન્યકર્તા સ્વ.નિર્મળાબા કાંતિલાલ આચાર્ય, વડોદરા.

**વાલી સંમેલનમાં હાજર મહેમાનો, ટ્રસ્ટીઓ અને વાલી તરફથી છાત્રાબાળાઓને રોકડ પુરસ્કારથી સન્માન કરવામાં આવ્યા તેની યાદી**

| | |
|---|---|
| ૨,૫૫૧/- | શ્રી રાજેશભાઈ હરીદાસજી દેવમુરારી, શાપર-વેરાવળ |
| ૫૫૧/- | શ્રી કીશોરભાઈ સેવારામભાઈ નિમાવત, દલખાણીયા |
| ૫૦૦/- | શ્રી અનિલભાઈ પ્રભુદાસજી, દહીંથરા |
| ૫૦૦/- | શ્રી ભાવેશભાઈ પ્રવિણભાઈ કુબાવત, ભીમડાદ |
| ૫૦૦/- | શ્રી કિરણભાઈ ચંન્દ્રકાંતભાઈ બાવનીયા, સાજીયાવદર |
| ૫૦૦/- | શ્રી હિતેષભાઈ ડી. કુબાવત, સહમંત્રી-સાવરકુંડલા |
| ૫૦૦/- | શ્રીમતિ રેખાબેન અશ્વીનભાઈ રામાનુજ, પાલીતાણા |
| ૫૦૦/- | શ્રી કૌશલભાઈ વિપુલભાઈ લશ્કરી, શાપર-વેરાવળ |
| ૨૫૦/- | શ્રી નીતાબેન ત્રિવેદી વા.પ્રિન્સીપાલ ગર્લ્સ હાઈસ્કૂલ |
| ૨૫૦/- | શ્રી નિલેષભાઈ ત્રિવેદી વા.પ્રિન્સીપાલ ગર્લ્સ હાઈસ્કૂલ |
| ૨૦૦/- | શ્રી ઘનશ્યામદાસબાપુ (રાઘવ), ટ્રસ્ટીશ્રી - સાવરકુંડલા |
| ૨૦૦/- | શ્રી અજયભાઈ પ્રવિણભાઈ કુબાવત, ડાંગાવદર |
| ૨૦૦/- | શ્રી સંજયભાઈ ભુપતભાઈ વિષ્ણુસ્વામી, જાત્રોડા |
| ૨૦૦/- | શ્રી ઘનશ્યામભાઈ પ્રાણજીવનદાસ અગ્રાવત, મોતીસર |
| ૨૦૦/- | શ્રી રસીકભાઈ બાલકદાસ કુબાવત, સીમરણ |
| ૨૦૦/- | શ્રી નરેન્દ્રકુમાર બંસીદાસ ટીલાવત, સાવરકુંડલા |
| ૨૦૦/- | શ્રી વસંતભાઈ કાળીદાસ રામકબીર, ખડીયા |
| ૨૦૦/- | શ્રી પ્રભુદાસ કાળીદાસ રામકબીર, ખડીયા |
| ૨૦૦/- | શ્રી રાજેશભાઈ હરિરામભાઈ દેવમુરારી, રાજકોટ |
| ૨૦૦/- | શ્રી નિમાવત બીપીનભાઈ ભક્તિરામભાઈ, રામપરા |
| ૨૦૦/- | શ્રી નિમાવત ચેતનાબેન બળવંતભાઈ, સણોસરી |
| ૨૦૦/- | શ્રી નિમાવત જૈમિનભાઈ, રાજકોટ |
| ૨૦૦/- | શ્રી નિમાવત રઘુરામભાઈ મસ્તરામભાઈ, સણોસરી |
| ૨૦૦/- | શ્રી રામપ્રસાદી હરેશભાઈ છગનદાસ, કંથારીયા |
| ૧૦૦/- | શ્રી અરૂણભાઈ ડી. દેવમુરારી, પ્રમુખશ્રી-સાવરકુંડલા |
| ૧૦૦/- | શ્રી ડો.પ્રવિણભાઈ ડી. લશ્કરી, ટ્રસ્ટીશ્રી સાવરકુંડલા |
| ૧૦૦/- | શ્રી ડો.અશ્વીનભાઈ રામાનુજ, ટ્રસ્ટીશ્રી પાલીતાણા |
| ૧૦૦/- | શ્રી અશોકભાઈ જે. રામાનુજ, ટ્રસ્ટીશ્રી ધોળા ગોદડજી |
| ૧૦૦/- | શ્રી મનીષભાઈ આઈ. પીપાવત, ટ્રસ્ટીશ્રી કારીયાણી |
| ૧૦૦/- | શ્રી હિતેષભાઈ નિમ્બાર્ક, વ્યવસ્થાપક સાવરકુંડલા |
| ૧૦૦/- | શ્રી ધરમદાસ ઘનશ્યામદાસ ટિલાવત, |
| ૧૦૦/- | શ્રી રાજેશભાઈ ભરતભાઈ લશ્કરી, રાજકોટ |
| ૧૦૦/- | શ્રી બળવંતરાય મસ્તરામભાઈ નિમાવત |
| ૧૦૦/- | શ્રી દિવ્યેશભાઈ દુર્લભરાય અગ્રાવત, ધોકડવા |
| ૧૦૦/- | શ્રીમતિ વર્ષાબેન ગજેન્દ્રભાઈ ટીલાવત, સુલતાનપુર |
| ૧૦૦/- | શ્રી સંજયભાઈ અમૃતલાલ કુબાવત, રાણાવડવાળા |
| ૧૦૦/- | શ્રી અશોકભાઈ નંદરામભાઈ કુબાવત, અરણી |
| ૧૦૦/- | શ્રીમતિ ગીતાબેન બાબુલાલ કુબાવત, સાવરકુંડલા |
| ૧૦૦/- | શ્રીમતિ તન્વીબેન ધર્મેન્દ્રભાઈ નિમાવત, શાપર વેરાવળ |
| ૧૦૦/- | શ્રીમતિ રેખાબેન મહેશભાઈ દલપતરામ નિમાવત,હુંડલી |
| ૧૦૦/- | શ્રીમતિ દિક્ષીતાબેન યોગેશભાઈ નિમાવત, પિયાવા |
| ૧૦૦/- | શ્રી વિજયભાઈ લાલદાસભાઈ કુબાવત, રાજકોટ |
| ૧૦૦/- | શ્રી વિજયભાઈ ભગવાનદાસ કુબાવત, જસદણ |

**કુલ રૂા.૧૧૩૦૨/- ભેટ મળેલ "આભાર"**

## શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ - સાવરકુંડલા

સમગ્ર વિશ્વ સાથેનું જોડાણ... વેબસાઈટ દ્વારા થશે.
દેશ-વિદેશમાં રહેતા રામાનંદી સાધુ સમાજના યુવાનો અને યુવતીઓ તેમજ પરિવારજનો
આ વેબસાઈટના માધ્યમથી જોડાયેલા રહેશે અને સમાજની ગતિવિધી તેમજ વિકાસની જાણકારી મળી રહેશે.
આ વેબસાઈટનો હેતુ જ્ઞાતિ પ્રત્યેની ભાવના કેળવાય તેમજ સમાજની સેવા કરવાનો ઘરે બેઠા જ મોકો મળી રહેશે.
આ હેતુથી સાવરકુંડલા મુકામે લોન્ચ કરવામાં આવી છે, જે આ મુજબ છે.

# www.rambhaktsvkd.org

સર્વ સમાજ બંધુઓને આ વેબસાઈટનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરવા વિનંતી

લી.અરૂણભાઈ ડી. દેવમુરારી (પ્રમુખશ્રી ગુજરાત રામાનંદ સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ- રાજ્ય મંડળ)



ભાષા એટલે વિચારોનો પહેરવેશ.



શ્રી અમરેલી જીલ્લા રામાનંદી સાધુ સમાજ ટ્રસ્ટ સંચાલીત

# શ્રી સવિતાબા રામાનંદ કુમાર છાત્રાલય અમરેલી

## સંસ્થા સમાચાર

આદરણીય સર્વ જ્ઞાતિ બંધુ ભાઈઓ- બહેનો ને જય સીયારામ સહ જણાવવાનું કે અમરેલી મુકામે આપની જ્ઞાતિની ઉભરતી એવી શ્રી સવિતાબા રામાનંદ કુમાર છાત્રાલય હાલ કાર્યરત છે અને જ્ઞાતિના ૧૮ જેટલા વિદ્યાર્થીઓ ત્યાં રહી અભ્યાસ કરે છે. અમારી સહૃદય સર્વને નમ્ર અરજ કે વધુ ને વધુ વિદ્યાર્થી કેળવણી મેળવે તે માટે સહુ એ સહિયારો પુરૂષાર્થ કરવાની તાતી જરૂર છે જે અમારૂં સુચન ધ્યાને લેવા તમામ ટ્રસ્ટીગણની નમ્ર વિનંતી.

**સંસ્થામાં આવેલ દાન/ભેટ :**

(૧) અમરેલી હાલ રાજકોટ સ્થીત રશ્મિનભાઈ મણીરામભાઈ દેવમુરારી તરફથી સંસ્થાના વિદ્યાર્થીઓને જલેબી, ગુંદી, ગાંઠીયા (કિ.રૂા.૫૨૫/-) તેમના માતૃશ્રી કુંદનબેનની તિથી નિમિતે ભોજન કરાવેલ. (૨) વકીલશ્રી એલ.એન. દેવમુરારી સાહેબ અમરેલી દ્વારા સંસ્થાના વિદ્યાર્થીઓને મોહનથાળ, જલેબી, ગુંદી, સમોસા (કિ.રૂા.૨૧૦૦/-) તેમના માતૃશ્રી જીવતીબેનની તિથી નિમિતે ભોજન કરાવેલ. (૩) સંસ્થાના અગ્રણી ટ્રસ્ટી શ્રી ધીરૂભાઈ દેવમુરારી નાના મૂંજીયાસર તરફથી ૧૦૦ કી.ચોખા (કિ.રૂા.૪૦૦૦/-) વસ્તુનું દાન તરીકે ભેટ આપેલ છે. (૪) જીતુબાપુ નિમાવત અને પી.એસ.આઈ. શ્રી મુકેશભાઈ નિમાવત સાહેબ પૂજારી પરિવાર ભુરખીયાદાદા મંદીર તરફથી ૪ ડબ્બા તેલ (કિ.રૂા.૧૦૦૦૦/-) વસ્તુ દાન તરીકે ભેટ આપેલ છે.

ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો અમો સહૃદય ઋણ સ્વીકારી આભાર વ્યક્ત કરીએ છીએ ઈષ્ટદેવ શ્રી હનુમાનજી મહારાજ તેઓને અપાર સુખ સમૃધ્ધી ધન સંપદા આર્પે તેવી પ્રાર્થના.

વધુમાં આ સંસ્થામાં નીચે મુજબ મસાલાની જરૂરિયાત છે જે કોઈ દાતાશ્રી ભોજન દાન માટે આ વસ્તુઓ આપવા માંગતા હોય તેમણે ટ્રસ્ટીશ્રીઓ કે હોદ્દેદારોનો સંપર્ક કરવા વિનંતી આપ જણાવશો ત્યાંથી અમો ચીજ વસ્તુ મેળવી જઈશું.

જરૂરીયાતની વસ્તુ : (૧)મરચું (ચટણી) - ૩૦ કિલો, (૨) ધાણાજીરૂં - ૨૦ કિલો, (૩) હળદર - ૧૦ કિલો, (૪) તુવેરદાળ - ૧૦૦ કિલો, (૫) મગદાળ - ૫૦ કિલો અને અન્ય કઠોળ વિગેરેની જરૂરિયાત હોય આપ સહુને વિનંતી કે આ સંસ્થાને યથોચિત મદદ કરશો.

વિશેષમાં આ સંસ્થાને આપ રોકડ દાન કરવા ઈચ્છતા હો તો નીચે મુજબ આપના પરિવારમાં આવતા વિવિધ પ્રસંગો એ યથોચિત સ્મૃતિ ભેટ આપી શકો છો. (૧) મિષ્ટભોજ તિથી અનુદાન આજીવન, (૨) ફોટો સ્મૃતિ અનુદાન, (૩) તિથી અનુદાન આજીવન. સોલાર સીસ્ટમ મૂકવા માટે રોકડ દાનની ઘણી જ આવશ્યક્તા હોય ઉદાર હાથે ફાળો આપવા વિનંતી

બેન્ક નાગનાથ શાખા અમરેલી એકાઉન્ટની વિગત
ખાતાનું નામ : અમરેલી રામાનંદી સાધુ સમાજ ● બેન્ક ખાતા નં. : 311 797 85744 ● IFSC CODE : SBIN 0000312

## શ્રધ્ધાંજલી



સ્વ.જયંતીલાલ રામદાસ નિરંજની

જય સીયારામ આદર્શ ભદ્રોત્સવ જુનાગઢ સ્વ.જયંતિલાલ રામદાસજી નિરંજનીના ભદ્રોત્સવ નિમિતે નિરંજની પરીવાર જ્ઞાતિ હિત ચિંતક શ્રી નરેન્દ્રભાઈ નિરંજની અગ્રણી શ્રી વી. તરફથી શ્રી સવિતાબા રામનંદ કુમાર છાત્રાલય અમરેલી ને રૂા.૧૧૦૦૦/- મિષ્ટભોજન તીથી, રૂા.૧૪૦૦૦/- ફોટો સ્મૃતિ કુલ રૂા.૨૫૦૦૦/- મળેલ છે તે બદલ અમો ટ્રસ્ટીગણ સ્વ.પૂજ્ય જયંતિલાલ રામદાસજી નિરંજનીના પરીવારનો હૃદય થી આભાર વ્યક્ત કરીએ છીએ. જય સીયારામ.

પ્રેરણા : શ્રી રાધેશ્યામભાઈ દેવમુરારી ચલાલા અને દલપતબાપુ કુબાવત ટ્રસ્ટી-વ પૂર્વ પ્રમુખ શ્રી અ.જી. રા.સા.સ.

અહેવાલ : શ્રી દીલીપભાઈ નિમ્બાર્ક
મંત્રી અને શ્રી સવિતાબા રામનંદ કુમાર છાત્રાલય અમરેલીનાં તમામ હોદ્દેદારો, ટ્રસ્ટીગણ

## શ્રી સવિતાબા રામાનંદ કુમાર છાત્રાલય અમરેલી તા૨૨/૦૧/૨૦૨૫

આદરણીય જ્ઞાતિજનોને જય સીયારામ સહ જણાવવાનું કે તાજેતરમાં બાબરા તાલુકા રામાનંદી સાધુ સમાજની મીટીંગ પ.પૂ.ત્રીભોવનદાસબાપુ સીતારામ સેવા આશ્રમ સતાપર અને અગ્રણીઓની ઉપસ્થીતીમાં બાબરા મુકામે મળેલ જેમાં સંસ્થાના ઉપ પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દેવમુરારી તથા અગ્રણી ટ્રસ્ટી શ્રી ડો.ઋગનાથભાઈ કુબાવત સાહેબે શ્રી સવિતાબા રામાનંદ કુમાર છાત્રાલય અમરેલી માટે કરીયાણું જરૂરીયાત માટે ટહેલ કરતાં આ મીટીંગમાં શ્રી ડો.ઋગનાથભાઈ કુબાવત સાહેબે - બાબરા તરફથી હીંગ ૫ કિલો, રાઈ ૨ કિલો, (કિ.રૂા.૩૦૦૦/-. વસ્તુ દાન તરીકે ભેટ આપેલ છે અને આ સંસ્થાની જરૂરીયાત ધ્યાને લઈ બાબરા તાલુકા રામનંદી સાધુ સમાજ દ્વારા માતબર રકમ ફાળા તરીકે લખાવી ૨૦૦ કિલો ચોખા (સ્વાદ) તથા ૨૫ કિલો ખાંડ (જેની કી.રૂા.૧૫૭૦૦/-)ની વસ્તુ દાન તરીકે ભેટ આપેલ છે. જે આ પ્રસંગે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી ભોજન દાન માટે રકમ આપેલ છે.

| રકમ | દાતાશ્રીનું નામ | રકમ | દાતાશ્રીનું નામ |
|---|---|---|---|
| ૫૧૦૦/- | પ.પૂ.ત્રીભોવનદાસબાપુ, સીતારામ સેવા આશ્રમ-સતાપર | ૩૫૦/- | શ્રી જગદીશભાઈ પી. અગ્રાવત, કારોબારી સ. બાબરા તા.રા.સા.સ. |
| ૨૦૦૦/- | શ્રી પ્રકાશભાઈ એમ. ચૈતન્યસ્વામી-બાબરા | ૩૫૦/- | શ્રી મગનભાઈ પી. અગ્રાવત, કારોબારી સ. બાબરા તા.રા.સા.સ. |
| ૧૫૦૦/- | શ્રી ડો.ઋગનાથભાઈ કુબાવત અગ્રણી ટ્રસ્ટીશ્રી | ૩૫૦/- | શ્રી ડો.શૈલેષભાઈ અગ્રાવત, સહમંત્રી યુવાપાંખ બાબરા તા. |
| ૧૫૦૦/- | શ્રી પ્રતાપભાઈ એલ. દેવમુરારી પ્રમુખશ્રી બાબરા/ઉપપ્રમુખશ્રી અ.જી.રા.સા. | ૩૫૦/- | શ્રી ઘનશ્યામભાઈ લશ્કરી કારોબારી સ. બાબરા તા.રા.સા.સ. |
| ૭૦૦/- | શ્રી કનુભાઈ દેવમુરારી, માવાવાળા યુવાપાંખ ઉપ પ્રમુખશ્રી બાબરા તા. | ૩૫૦/- | શ્રી રમેશભાઈ નિમાવત, જ્ઞાતિ અગ્રણી |
| ૭૦૦/- | શ્રી રસીકભાઈ કે. અગ્રાવત ખજાનચી, બાબરા તા.રા.સા.સ. | ૩૫૦/- | શ્રી રાજુભાઈ કુબાવત સ. બાબરા તા.રા.સા.સ. |
| ૭૦૦/- | શ્રી દલપતભાઈ તથા જગદીશભાઈ એમ. લશ્કરી, કરીયાણા પૂર્વ પ્રમુખ | ૩૫૦/- | શ્રી જનકભાઈ અગ્રાવત, સ. બાબરા તા.રા.સા.સ. |
| ૩૫૦/- | શ્રી શામળદાસબાપુ નિમાવત, પૂર્વ પ્રમુખશ્રી બાબરા ત.રા.સા.સ. જામ બરવાળા | ૩૫૦/- | શ્રી દલપતભાઈ વસંત સ્વામી સ. બાબરા તા.રા.સા.સ. |
| ૩૫૦/- | શ્રી કાલીદાસબાપુ અગ્રાવત, કારોબારી સ. બાબરા તા.રા.સા.સ. | ૧૫૭૦૦/- | કુલ એકત્ર થયેલ ફાળાની રકમ |

આપ સહુ જ્ઞાતિને ફરીવાર વિનંતી સહ અમો સમગ્ર ટ્રસ્ટીગણ અપીલ કરી આ ઉભરતી સંસ્થાને યથા યોગ્ય દાન કરવા વિનંતી કરીએ છીએ.

સહુ ને જય સીયારામ...

લી.તમામ ટ્રસ્ટીગણ વતી મુકેશભાઈ નિમ્બાર્ક પ્રમુખ
શ્રી સવિતાબા રામાનંદ કુમાર છાત્રાલય, અમરેલી
સંપર્ક સુત્ર : ૯૮૨૫૩ ૮૫૪૮૯, ૯૪૨૭૨ ૪૫૩૨૭, ૯૩૨૭૫ ૨૮૮૮૨, ૭૦૧૬૯ ૨૫૮૬૨

## ● પવિત્ર મહાશિવરાત્રીએ ●

અમારા શાંતાબાને શ્રધ્ધાંજલી સાકેતધામ, અમારા માતૃશ્રી શાંતાબાની આજે ૭૩મી પુણ્યતિથી જે પવિત્ર મહાશિવરાત્રીના જ જેની આંકી ન શકાય પ્રથમ શબ્દના નામે કર્યું જેણે બેટા-બેટીનું સર્જન તે માંને કોટીકોટી વંદન કરૂણાની અવિરત સરિતા એજ સાકેતવાસી શાંતાબાને તમારા બાલુડા ભાઈઓ તથા બહેનો ભાણેજરૂઓનું આજે પવત્ર મહાશિવરાત્રિએ પુષ્પાંજલી સાથે શ્રધ્ધાંજલી બાને હજો અમ બાલુડાને માની મમતા હજીપણ ભુલાતી નથી એજ માને પ્રાર્થના સાથે શિવશંકર ભોળાનાથની જય હો જય હો ૐ નમઃશિવાય ૐ નમઃશિવાય હરીૐ નમોનમાહા દેવોના દેવ એવા મહાદેવની શિવરાત્રિએ જે અમારાબા દેવ લોક થઈ ગયા એ જીવઉત્તમમા ઉત્તમ પ્રભુ ભોળા નાથના શરણમાં ગતિ પામ્યાંનો અમોને એહસાસ ચોક્કસ થાય છે. આજે એને ૭૩ વર્ષ થઈ ગયા જય ભોળાનાથ જય શિવ શંકર પ્રભુ.

(ભાવનગર)
ગં.સ્વ.કંચનબેન ઘનશ્યામજી રામાવત
ગં.સ્વ.અંજવાળીબેન નારગદાસ લશ્કરી
નાની ખોડીયાર

નારી મંડળના મહંતબાપુ શ્રી અગ્રાવત મંગળદાસજી
રજુઆત : અગ્રાવત ગોકુલદાસજી છોટે નારી, જીલ્લો -ભાવનગર.

રૂા.૨૦૦/-પ.નં. ૭૩૭૯ થી જમા મળેલ છે.

---

જાહેર આમંત્રણ... જય ગીરનારી જાહેર આમંત્રણ...

# શ્રી મહાશિવરાત્રી પધારો - જુનાગઢ

## શ્રી સંસ્કાર ધામ સેવા ટ્રસ્ટ-સંચાલીત

શ્રી બજરંગદાસબાપા અન્નક્ષેત્ર ઉતારો

પધારતા યાત્રીકોને ચા, પાણી, ભોજન ઉતારાની સુવિધા

**મહા વદ-૯ ને શનિવાર તા.૨૨-૦૨-૨૦૨૫ થી મહા વદ-૧૩ ને બુધવાર તા.૨૬-૦૨-૨૦૨૫ સુધી**

**શ્રી ઈશ્વરદાસબાપુ રામાનંદી**
મો.૭૦૯૬૬૦૧૮૫૧, શ્રી સંસ્કાર ધામ સેદરડા

**શ્રી આશીષબાપુ અગ્રાવત**
મો.૯૯૦૯૧૯૦૦૦૯, શ્રી સંસ્કાર ધામ સેદરડા

**એમ. આર. અગ્રાવત** - મેનેજીંગ ટ્રસ્ટી શ્રી સંસ્કાર ધામ સેવા ટ્રસ્ટ સેદરડા ● **સંપર્ક** : માધવદાસ મહારાજ, મહુવા - મો.૯૮૨૫૬૨૫૯૨૮

